ફેક્સ : (૦૭૯) ૨૬૩૦૨૬૫૪
ટેલિફોન : ૨૬૩૦૧૩૪૧-૨૬૩૦૦૩૪૨-૪૩
૨૬૩૦૦૧૨૬ અને ૨૬૩૦૦૬૬૪,
૨૬૩૦૦૮૩૪
ટેલિગ્રામ : યુનિગુજરાત

FAX : (079) 26302654
Tele. Phone : 26301341-26300342-43, 26300126 & 26300664, 26300834
Grams : UNIGUJARAT

ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
પોસ્ટ બૉક્સ નં. ૪૦૧૦
નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯.

**ગુજરાત યુનિવર્સિટી**

GUJARAT UNIVERSITY

OFFICE OF THE GUJARAT UNIVERSITY
POST BOX NO. 4010
NAVRANGPURA,
AHMEDABAD-380009 (INDIA).

નં.: અનુ. રજિસ્ટ્રેશન/ .................. /૨૦૦૮ તા. ૦૪-૦૬-૨૦૦૮

## યુનિવર્સિટી સંલગ્ન પી.જી. સેન્ટરો માટેનો પરિપત્ર

આચાર્યશ્રી,

આપની કોલેજના અનુસ્નાતક કેન્દ્રમાં વિદ્યાર્થીઓના પ્રવેશ અને રજીસ્ટ્રેશન માટે નીચેની બાબતો ખાસ ધ્યાનમાં રાખવા વિનંતી છે. આ પરિપત્ર આપની કોલેજમાં ચાલતાં અનુસ્નાતક કેન્દ્રોનાં પ્રોફેસર ઈન્ચાર્જને પણ વંચાવી સુચનાઓનું પાલન કરવા જણાવશો. પ્રવેશની સંપૂર્ણ જવાબદારી જે તે વિષયના પ્રોફેસર ઈન્ચાર્જની છે.

૧. વિદ્યાર્થી પ્રવેશ અંગે નીચે દર્શાવેલી પ્રક્રિયા મુજબ કાર્યવાહી કરવાની રહેશે.:

| | | |
|---|---|---|
| ૧. | ફોર્મ વહેંચવાની તારીખ અને ફોર્મ સ્વીકારવાની તારીખ | **૫-૬-૨૦૦૮ થી ૧૧-૬-૨૦૦૮** |
| ૨. | પ્રથમ ઓપન કેટગરીની મેરીટ લીસ્ટની માત્ર જાહેરાત | **૧૬-૬-૨૦૦૮** |
| ૩. | પ્રથમ મેરીટ લિસ્ટની ફી ભરવાની તારીખો | **૧૬-૬-૨૦૦૮થી ૧૯-૬-૨૦૦૮** |
| ૪. | બીજી મેરીટ લીસ્ટની જાહેરાત | **૨૦-૬-૨૦૦૮** |
| ૫. | બીજા મેરીટ યાદીની ફી ભરવાની તારીખ | **૨૦-૬-૨૦૦૮ થી ૨૩-૬-૨૦૦૮** |
| ૬. | અનામત યાદી અને ત્રીજી યાદી | **૨૪-૬-૨૦૦૮** |
| ૭. | અનામત યાદી અને ત્રીજી યાદીની ફી ભરવાની તારીખ | **૨૪-૬-૨૦૦૮ થી૨૬-૬-૨૦૦૮** |
| ૮. | અંતિમ યાદી અને અનામત યાદી | **૨૭-૬-૨૦૦૮** |
| ૯. | અંતિમ યાદી અને અનામત યાદીની ફી ભરવાની તારીખ | **૨૭-૬-૨૦૦૮ થી૨૮-૬-૨૦૦૮** |
| ૧૦. | ભાગ-૧ના વર્ગો શરૂ કરવાની તારીખ | **૩૦-૬-૨૦૦૮** |

**દરેક અનુસ્નાતક કેન્દ્રોએ ઉપરના સમયપત્રકનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.**

૨. રજીસ્ટ્રેશન ફોર્મની કિંમત રૂા.૧૦/- છે, તો નવા રજીસ્ટ્રેશન ફોર્મ (જૂના ફોર્મ રદ કરવામાં આવે છે.) અગાઉથી રકમ મોકલી જરૂરી સંખ્યામાં ફોર્મ મેળવી લેવા. તથા એડમીશન ફોર્મ ફી રૂા.૨૫/- લેવાની રહેશે. આથી વધારે ફી લઈ શકાશે નહીં અન્યથા સંસ્થાએ કુલપતિશ્રી નક્કી કરે તે દંડ ભરવાનો રહેશે. જૂના ફોર્મ રદ કરવામાં આવે છે અને તે હિસાબ વિભાગમાં પરત જમા કરાવવાના થશે.

**૩. વિદ્યાર્થીને પ્રવેશ મેરીટના આધારે જ આપવાનો રહેશે અને તેમાં કોઈપણ અલાયદી બેઠક/કવોટા (મેનેજમેન્ટ) નિયત કરવાની રહેતી નથી. ડીવીઝન દીઠ માત્ર ૧૦૦ વિદ્યાર્થીઓ લઈ શકાશે. વધારે વિદ્યાર્થીઓ લઈ શકાશે નહિં. વધારે વિદ્યાર્થીઓ લઈ લેવામાં આવશે તો, વિદ્યાર્થી દીઠ રૂ.૫૦,૦૦૦/- દંડ આચાર્યશ્રી/પ્રોફેસર ઈન્ચાર્જશ્રીએ ભરવાનો રહેશે. આમાં વિનંતી કે બાંધછોડ થઈ શકશે નહીં.**

૪. ઉચ્ચશિક્ષણ કમિશ્નરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર તા.૧૮-૬-૨૦૦૩ના પત્રની નકલ આ સાથે મોકલી છે, જેમાં રાજ્ય સરકારશ્રી દ્વારા સ્નાતક કક્ષાએ આર્ટસ, કોમર્સ, એજ્યુકેશન અને લૉની પ્રાઈવેટ ગ્રાન્ટ-ઈન-એઈડ કોલેજ માટ નીચે મુજબના ટ્યુશન ફીના દરો નકકી કરવાંમાં આવેલા છે તેજ ફીના દરો યુનિવર્સિટી અનુસ્નાતકમાં તથા કેન્દ્રોને પણ લાગું પાડવાના થાય છે. તેમજ સાયન્સ વિદ્યાશાખાની ફી ગત વર્ષની જેમજ લેવાની રહેશે.

| Sr No. | Name of the Faculty | Proposed tuitionfee Per Term (Rs) |
|---|---|---|
| ૧. | Arts & Commerce | રૂા. ૬૦૦/- |
| ૨. | Education | રૂા. ૧૨૫૦/- |
| ૩. | Law | રૂા. ૯૦૦/- |

૫ અનુસ્નાતક અભ્યાસક્રમમાં યુનિ.ના પ્રર્વતમાન ઓર્ડીનન્સ ૧૫૧/સી માં સુધારો કરીને નીચે દર્શાવ્યા મુજબ અન્ય ફી લેવાની રહેશે.

| **વિગત** | **રૂપિયા** |
|---|---|
| રજીસ્ટ્રેશન ફી | ૧૦૦-૦૦ |
| પરીક્ષા ફી | ૫૦-૦૦ |
| લાયબ્રેરી ફી | ૫૦-૦૦ |
| જિમખાના ફી | ૨૦-૦૦ |
| યુનીયન ફી | ૧૦-૦૦ |
| સ્પોર્ટસ ફી | ૫-૦૦ |
| યુથ વેલ્ફેર ફી (સાંસ્કૃતિક ફી) | ૨૦-૦૦ |
| WDCની સત્ર દીઠ ફી | ૧૦-૦૦ |

અનુસ્નાતક અભ્યાસક્રમમાં અન્ય ફી ઉપર મુજબની જ લેવાની રહેશે. આ સિવાય કોઈ પણ વધારાની ફી લેવામાં આવશે તો મા. કુલપતિશ્રી નક્કી કરે તે દંડ આચાર્યશ્રી/પ્રોફેસર ઈન્ચાર્જશ્રીએ ભરવાનો રહેશે.

૬. રજીસ્ટ્રેશન અરજીમાં વિદ્યાર્થી તેમજ આપનું કાર્યાલય પ્રત્યેક કોલમ કાળજીથી ભરે તે ખાસ જોવું, ભૂલચૂક દંડનીય બને છે.

૭. વિદ્યાર્થીએ જે નામથી સ્નાતક પદવી મેળવી હોય તે જ નામે રજીસ્ટ્રેશનનું આવેદનપત્ર ભર્યુ છે કે કેમ તેની ચકાસણી કરવી. યુનિ.ની પૂર્વ પરવાનગી લીધા સિવાય નામમાં કરેલો ફેરફાર ચાલી શકશે નહીં જેની નોંધ લેશો.

૮. છેલ્લી પદવી અન્ય યુનિવર્સિટીમાંથી મેળવી આ યુનિવર્સિટીમાં જોડાનાર વિદ્યાર્થીએ આ **યુનિવર્સિટીનું એલિજિબિલિટી સર્ટીફીકેટ મેળવવું જરૂરી છે,** તે મેળવ્યા પછી તેનો નંબર અને તારીખ રજીસ્ટ્રેશન અરજીમાં નિયત કોલમમાં અચૂક દર્શાવવા અને તેની નકલ રજીસ્ટ્રેશન ફોર્મ સાથે અચુક બીડવી. એલિજિબિલિટિ સર્ટીફીકેટ મેળવ્યું હોય તેવા વિદ્યાર્થીઓને જ પ્રવેશ આપવો, જેથી પત્રવ્યવહારમાં ઉતરવું ન પડે. એલિજિબિલીટી સિવાય પ્રવેશ રદ ગણાશે, એટલું જ નહીં ભારે દંડ પણ ચૂકવવાનો રહેશે.

૯. અગાઉ રજીસ્ટ્રેશન કરાવ્યું હોય તે વિદ્યાર્થી ફરીવાર એજ વિષય સાથે અભ્યાસ કરવા ઇચ્છતા હોય તો તેમણે ફરી રજીસ્ટ્રેશન કરાવવાની જરૂર નથી, પરંતુ નવા વિષય સાથે અભ્યાસ કરવો હોય તો ફરી રજીસ્ટ્રેશન અનિવાર્ય છે.

૧૦. એમ.એ. તથા એમ.કોમ.પાર્ટ-૧ની પરીક્ષા **એક્ષ્ટર્નલ વિદ્યાર્થી તરીકે પસાર કરનાર વિદ્યાર્થીને નિયમિત વિદ્યાર્થી તરીકે પાર્ટ-૨માં પ્રવેશ આપી શકાશે નહિં,** આ નિયમનો ભંગ કોઈપણ સંજોગોમાં કરવો નહીં.

૧૧. સ્નાતક પદવીમાં ઓછામાં ઓછો બીજો વર્ગ મેળવનાર વિદ્યાર્થી અનુસ્નાતક કક્ષાએ વિષય બદલી શકશે, પરંતુ સ્નાતક પદવીમાં પાસ વર્ગ મેળવનાર વિદ્યાર્થીને સ્નાતક કક્ષાએ રાખેલ વિષય કે વિષયોમાંનો એક વિષય રાખવો પડશે, સ્નાતક પદવીમાં રાખેલ વિષય-વિષયો રજીસ્ટ્રેશન અરજીમાં સ્પષ્ટ જણાવવાં.

૧૨. એક વખત વિદ્યાર્થીએ જે વિષય સાથે અનુસ્નાતક પદવી મેળવી હોય તેજ વિષય સાથે ફરીથી તે અનુસ્નાતક કક્ષાએ કરી શકશે નહીં.

૧૩. રજીસ્ટ્રેશન અરજીમાં ફી ભર્યાની રસીદ નંબર અને તારીખ જણાવવા, જો વિદ્યાર્થી પછાતવર્ગનો હોય તો તેની કેટગરીનો સ્પષ્ટ ઉલ્લેખ પણ અવશ્ય કરવો.

૧૪. રજીસ્ટ્રેશન અરજીઓ યુનિવર્સિટીને મોકલો ત્યારે તેની સાથે બધાં જ વિદ્યાર્થીઓની રજીસ્ટ્રેશન ફી પણ જમા કરાવવી. તે સિવાય ફોર્મ સ્વીકારવામાં આવશે નહિ. ફોર્મ સમયસર અચૂક મોકલવા જેથી ઉંચો દંડ ભરવાનો પ્રસંગ ન બને.

૧૫ પાર્ટ-૧ના વિદ્યાર્થીઓના પુરા નામ- સરનામા, ટકાવારી અને વિષયની મેરીટ યાદી તા.**૩૦-૬-૦૮** સુધીમાં ફરજીયાત મોકલવાની છે.

૧૬. બન્ને સત્રોમાં વિદ્યાર્થીઓની હાજરી તમામ વિષયના અધ્યાપકશ્રીઓએ ફરજીયાત લેવી, જે વિદ્યાર્થીઓ સતત ગેરહાજર રહે તેમને નોટીસો આપી, બીજા સત્રમાં પ્રવેશ રદ કરવો. પ્રથમ/દ્વિતીય સત્રોનાં હાજરી પત્રકોમાં તારીખ વાર હાજરી ભરી અનુસ્નાતક નિયમ નં.-૩૫ મુજબ હાજરીપત્રકો પ્રથમ સત્ર સમાપ્ત થયા પછી ૧૫ દિવસમાં અને બીજા સત્રમાં યુનિવર્સિટીની પરીક્ષા શરૂ થવાના ૨૫ દિવસ પહેલાં અલગ સ્ટેટમેન્ટ સાથે પી.જી. વિભાગને અચુક મોકલવા. પી.જી. સેન્ટરના ઈન્ચાર્જશ્રીએ જેમની હાજરી નિયમો મુજબ ઓછી હોય તેમના પરીક્ષા ફોર્મ રદ કરવા માટે પરીક્ષા શરૂ થવાના ૧૫ દિવસ પહેલાં યુનિવર્સિટીમાં રેકર્ડ સહિત મોકલી આપવા. **કોઈની ખુટતી હાજરી યુનિવર્સિટી માફ કરશે નહિ તે બાબત વિદ્યાર્થીઓને જણાવવી તથા વિદ્યાર્થીઓને હાજરી માફ કરવા યુનિવર્સિટીમાં મોકલવા નહિં કે માન.કુલપતિશ્રીને ભલામણ કરવી નહીં.** પુરતી હાજરી સિવાય પરીક્ષામાં બેસવા દેવામાં આવશે નહિં. આ બાબતની જવાબદારી સંપુર્ણ રીતે આચાર્યશ્રી/પ્રોફેસર ઈન્ચાર્જશ્રીની રહેશે. પાછળથી આ બાબતે કોઈ રજુઆત સાંભળવામાં આવશે નહિં. હાજરી નહિં મોકલવાથી જે દંડ ભરવાનો થાય તેની જવાબદારી આચાર્યશ્રી/પ્રોફેસર ઈન્ચાર્જશ્રીની રહેશે.

**૧૭. આ સાથે રજીસ્ટ્રેશન માટેની યાદી મોકલી છે, તેમાં દરેક વિદ્યાર્થીના પુરા નામ, વિષયવાર જુદા પાડી, કક્કાવારી મુજબ બે નકલોમાં ટાઈપ કરાવશો. આ બંન્ને નકલો એક સરખી હોવી જરૂરી છે, નાની મોટી સાઈઝના જુના વર્ષની યાદીના કાગળનો ઉપયોગ કરવો નહીં. બધા જ વિષયો અથવા જૂથની રજીસ્ટ્રેશન અરજીઓ સાથે મોકલશો, વિદ્યાર્થીઓના નામની આગળ શ્રી/શ્રીમતિ/કુમારી લખવાનું રાખશો. વળી યાદી વિષયવાર અલગ-અલગ બનાવવી, વિદ્યાર્થીને રજીસ્ટ્રેશન નંબર આપ્યા બાદ એક નકલ આપને પરત કરવામાં આવશે. તેની એક નકલ આપના ભવનના નોટીસબોર્ડ પર વિદ્યાર્થીઓની જાણ માટે ૧૫ દિવસ મૂકવી. યાદીમાં બી.સી. વિદ્યાર્થીઓના નામ સામે તેઓની કેટગરીનો સ્પષ્ટ ઉલ્લેખ કરવો.**

**યાદીમાં માંગ્યા મુજબ વ્યવસ્થિત રીતે મોકલવામાં આવશે નહીં તો તે પરત કરવામાં આવશે અને પાંચ જ દિવસમાં સુધારી પુનઃ મોકલવાની રહે છે. નિયત સમયમાં મોકલવામાં નહિં આવે તો દંડ ભરવાનો રહેશે.**

**૧૮. વિદ્યાર્થીનો પ્રવેશ રદ કર્યો હોય તો તેની જાણ અનુસ્નાતક વિભાગને અવશ્ય કરવી.**

૧૯. વિદ્યાર્થીએ રજીસ્ટ્રેશન અરજીમાં જે વિષય ભર્યા હોય તે વિષયોની જ હાજરી રાખે તથા જે વિષયો શીખવવાની યુનિ. દ્વારા મંજૂરી મળી હોય તેજ વિષયો વિદ્યાર્થી ભરે તે અવશ્ય ચકાસશો. અન્યથા પરીક્ષામાં મુશ્કેલી ઉભી થાય તો આચાર્યશ્રી/પ્રોફેસર ઈન્ચાર્જશ્રીની જવાબદારી રહેશે.

તેમજ બધા જ વિદ્યાર્થીઓની રજીસ્ટ્રેશન અરજીઓ નિયત સમયમાં જ યુનિવર્સિટીને પહોંચાડવાની હોવાથી વિદ્યાર્થીઓ વેળાસર રજીસ્ટ્રેશન અરજીઓ ભરે તે ખાસ જોશો.

૨૦. સત્રની શરૂઆતમાં જ કોલેજો/સંસ્થાના નોટીસબોર્ડ પર મુકી વિદ્યાર્થીનું ધ્યાન દોરવું કે નિયમાનુસાર દરેક સત્રમાં કુલ વ્યાખ્યાનના ૨/૩ વ્યાખ્યાનોમાં (બે તૃતિયાંશ) હાજરી રાખવી આવશ્યક છે, સત્ર મંજૂર થતાં નહી હોય તો પરીક્ષા પ્રવેશ રદ કરવામાં આવે છે. તેથી હાજરીની બાબતમાં નિયમીતતા રાખવી જરૂરી છે. આ નિયમ દરેક વર્ગમાં સમજાવવો. યુનિવર્સિટીમાં હાજરી પત્રકો સિવાય પરીક્ષા ફોર્મ સ્વિકારાશે નહીં અને યુનિવર્સિટી હાજરી માફ કરશે નહીં. જેમનાં ફોર્મ હાજરીના કારણે રદ કરવાનાં હોય તેને જુદા સમયે લેખિત નોટીસો આપી જાણ કરવી અને પરીક્ષા શરૂ થવાના ૧૫ દિવસ પહેલાં ફોર્મ રદ કરી વિદ્યાર્થીઓને જાણ પણ કરવી. તદ્અનુસાર યુનિવર્સિટીના પરીક્ષા વિભાગને ફોર્મ પરત ખેંચવા અંગે બેઠક નંબર સહીત જાણ કરશો.

**૨૧. જે વિદ્યાર્થીઓનું રજીસ્ટ્રેશન થયું ન હોય તેવા વિદ્યાર્થીઓની હાજરી તેમજ સત્ર માન્ય ગણાશે નહીં. સમયસર રજી. ફોર્મ ના મોકલનાર આચાર્યશ્રી/પ્રોફેસર ઈન્ચાર્જશ્રી મોટા દંડને પાત્ર થશે.**

૨૨. જે વિદ્યાર્થીનું રજીસ્ટ્રેશન થયું નહી હોય તે વિદ્યાર્થી યુનિ. પરીક્ષામાં બેસવાપાત્ર થશે નહીં. રજીસ્ટ્રેશન ફોર્મ મોડું પડશે, ભૂલી જવાશે અને વિદ્યાર્થીને નુકશાન થશે તો આચાર્યશ્રી/પ્રોફેસર ઈન્ચાર્જશ્રીએ ખૂબજ મોટી રકમનો દંડ ભરવાનો રહેશે.

**૨૩. અનુસ્નાતક નિયમ ૩(બી) અનુસાર એમ.એ., એમ.કોમ., એમ.એસ.સી., એમ.એડ.માં રજીસ્ટ્રેશનની મુદત પાંચ વર્ષની છે તે જોતાં પ્રવેશ મેળવ્યા બાદ ૫ વર્ષ પુરા થાય ત્યારે રજીસ્ટ્રેશન રદ થાય. આવા વિદ્યાર્થીઓને નવેસરથી રજીસ્ટ્રેશન કરાવીને સત્ર મંજુર કરાવ્યા બાદ પરીક્ષામાં બેસી શકે. જેની નોંધ લઇ જો આવા વિદ્યાર્થીઓ હોય તો તેની વિગતો અનુસ્નાતક વિભાગમાં મોકલી આપવા વિનંતી.**

**૨૪. ચાલું વર્ષના અનુસ્નાતક રજીસ્ટ્રેશનનાં ફોર્મ તા.૩૧-૮-૨૦૦૮ સુધીમાં નિયત ફી સાથે અચૂક મોકલવાનું રાખશો. આ સાથે યુનિ. દ્વારા નિયત સ્પોર્ટસ ફી તથા સાંસ્કૃતિક ફાળો ભૂતકાળની તથા ચાલુ વર્ષની રકમ સાથેજ મોકલવો અન્યથા ફોર્મ્સ સ્વીકારી શકાશે નહીં. તા.૩૧-૮-૨૦૦૮ પછી લેઈટ ફી ભરવાની રહેશે.**

૨૫. પોસ્ટ ગ્રેજયુએટના નિયમો હેઠળ હાલ રજીસ્ટ્રેશન ફી રૂા. ૧૦૦/- છે તે જ પ્રમાણે વિદ્યાર્થી દીઠ રજીસ્ટ્રેશન ફી લેવાની રહેશે. જેની નોંધ લેવી.

૨૬. યુનિવર્સિટીના અનુસ્નાતક કેન્દ્રોમાં શૈક્ષણિક વર્ષ ૨૦૦૮-૨૦૦૯ દરમ્યાન પ્રથમ સત્રમાં ૫૦ ગુણની એક કસોટી (ટેસ્ટ) તેમજ બીજા સત્ર માટે ૧૦૦ ગુણની એક કસોટી એમ મળીને બે કસોટી (ટેસ્ટ) ફરજીયાત લેવાની રહેશે, જેના પરિણામો યુનિવર્સિટીને ટેસ્ટ પરીક્ષા પુરી થયે અને પરિણામ જાહેર થાય કે તુરંત પરીક્ષા નિયામકશ્રીને ફરજિયાત મોકલવાના રહેશે. માર્ચ-એપ્રિલમાં યુનિવર્સિટી પરીક્ષા પહેલાં પરિણામ મોકલવું. જેમણે બેમાંથી એક પરીક્ષા તદ્દન વાજબી કારણોસર આપી ન હોય તેમના માટે જ વધારાની કસોટી (રી-ટેસ્ટ) આપવાની રહેશે. નાપાસ થનાર/પરીક્ષા ના આપનાર યુનિવર્સિટી પરીક્ષામાં બેસી શકશે નહીં, તે તમામ વિદ્યાર્થીઓને વારંવાર જણાવવું.

વિદ્યાર્થીએ અનુસ્નાતક કેન્દ્રમાં પ્રવેશ મેળવ્યો હોય અથવા અન્ય પ્રોફેશનલ કોર્સ/વિશિષ્ટ કોર્સમાં પ્રવેશ લીધો હોય અને તેને યુનિવર્સિટી ભવનમાં પ્રવેશ મળે તો અનુસ્નાતક કેન્દ્રએ વિદ્યાર્થીને ભવનમાં પ્રવેશે મેળવવા માટે માર્કશીટ પરત કરવી અને એન.ઓ.સી. આપવું.

૨૭. અનુસ્નાતક કક્ષાના તમામ અભ્યાસક્રમોમાં (સ્વનિર્ભર સહિત) ઓપન/એસ.સી./એસ.ટી./ બક્ષીપંચ/વિકલાંગ માટે નીચે પ્રમાણે અનામત રહેશે.

| | |
|---|---|
| ઓપન કેટગરી | ૫૧% |
| અનુસુચિતજાતિ | ૭% |
| અનુસુચિત જનજાતિ | ૧૫% |
| સામાજીક અને શૈક્ષણીક રીતે પછાત વર્ગ (બક્ષીપંચ) | ૨૭% |
| વિકલાંગ (તમામ કેટગરીમાં સમાવિષ્ટ) | ૩% |

અનામત કક્ષાના જે વિદ્યાર્થીઓ ઓપન મેરીટમાં (જનરલ કેટગરીમાં) આવતા હોય તેમને ઓપન મેરીટ (જનરલ કેટગરી)માં પ્રવેશ આપ્યા બાદ જ ઉપરોકત અનામતની ટકાવારી પ્રમાણે પ્રવેશ આપવાનો રહેશે. સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગના વિદ્યાર્થીઓએ તેઓ ઉન્નત વર્ગો (ક્રીમીલેયર) માં નથી આવતા તે મતલબનું સક્ષમ અધિકારીનું ચાલું નાંણાકીય વર્ષનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે. તે સિવાય તેમનો પ્રવેશ ફાઈનલ ગણવામાં આવશે નહિં. અનામત યાદીઓ ઓપન કેટગરીના પ્રવેશ પછી જ મૂક્વી. **અનામતની ખાલી રહેલી સીટો ગુજરાત યુનિવર્સિટીની પૂર્વ મંજૂરી મેળવીને જ ઓપન/જનરલ કેટગરીમાંથી મેરીટ પ્રમાણે ભરવાનું રાખવું.** અનામત કેટગરીનો લાભ ગુજરાતના મુળ વતની હોય તેમને જ મળવા પાત્ર રહેશે.

૨૮. **વિદ્યાર્થીઓની ખૂટતી હાજરી માટે માત્ર પરીક્ષા ફોર્મ Withdraw કરવા ભલામણ કરવી. તે સિવાય તે પરત્વે કાર્યવાહી થઈ શકશે નહિં, ખૂટતી હાજરી માફ કરવા યુનિ.માં કેસ મોકલવા નહીં.**

૨૯. **પરીક્ષા ફોર્મ રદ કરવાની જવાબદારી આચાર્યશ્રી/પ્રોફેસર ઈન્ચાર્જશ્રીની રહેશે. યુનિવર્સિટી કાર્યાલય કે માન.કુલપતિશ્રી તે પરત્વે જવાબદાર રહેશે નહીં. તેની નોંધ લેવા વિનંતી છે.**

૩૦. **માનનીય કુલપતિશ્રી ખૂટતી હાજરી પરત્વે કોઈપણ પ્રકારની હાજરી ઉમેરવા પરત્વે વિચારણા કરવા માંગતા નથી તેની ખાસ નોંધ લેવા વિનંતી છે.**

૩૧. રજીસ્ટ્રેશન ફોર્મ સાથે W ithheld O.127ની માર્કશીટ બીડેલ હોય છે જે સ્વીકારી શકાય નહિં. આવા વિદ્યાર્થીનું રજીસ્ટ્રેશન થઈ શકશે નહિં. રજીસ્ટ્રેશન ફોર્મ સાથે તૃતિય વર્ષની પાસની માર્કશીટ સામેલ કરવી ફરજિયાત છે. **રજીસ્ટ્રેશન માટેનું સોફટવેર ઓગષ્ટ માસમાં મેળવી, ડેટા નાંખી, રીપોર્ટ બે નકલમાં કાઢી, CD રાઈટ કરી રજીસ્ટ્રેશન ફોર્મ સાથે CD યુનિવર્સિટીને મોકલવાની રહેશે. તે સિવાય રજીસ્ટ્રેશન ફોર્મ કોઈપણ સંજોગોમાં સ્વીકારવામાં આવશે નહિં જેની ખાસ નોંધ લેવી.**

૩૨. એમ.એ., એમ.કોમ., એમ.એસ.સી. સબસીડીના હિસાબો અલગ અલગ પુંઠાવાળી ફાઇલમાં જ મોકલવા. હિસાબો મોકલવાની છેલ્લી તારીખ સુધી અચુક મોકલવા. જો બચત થતી હોય તો તે જમા કરાવી રસીદ ફાઇલ સાથે મોકલવી અને દરેક વાઉચર્સ ઉપર આચાર્યશ્રી અને પ્રો. ઈન્ચાર્જશ્રીના સિક્કા સાથે સહિ હોવી જરૂરી છે. વિઝિટીંગ ફેકલ્ટીની મંજુરીનો પત્ર અવશ્ય મોકલવો, હિસાબો અંગે ક્ષતિપુર્તતા અંગે પત્ર મળ્યાના ૧૫ દિવસમાં ક્ષતિપુર્તિ કરવી જરૂરી છે.

૩૩. જે અનુસ્નાતક કેન્દ્રોએ તેઓના જે તે વર્ષના આખરી હિસાબો યુનિવર્સિટીને મોકલવાના બાકી હોય તેમણે તુરંત જ તે હિસાબો યુનિ.ને તા. ૩૧-૭-૨૦૦૮ સુધી અચુક મોકલી આપવાનુ રાખવું. અન્યથા રજીસ્ટ્રેશન ફોર્મ સ્વિકારવામાં આવશે નહીં અને/અથવા રૂા.૫૦,૦૦૦/- દંડ ભરવાનો રહેશે.

૩૪. અનુસ્નાતક કેન્દ્રોના નિયમ પ્રમાણે મળવાપાત્ર ખર્ચાઓ, મળેલી ટયુશન ફી માંથી સરભર કર્યા બાદ બાકીની તફાવતની રકમ યુનિ.ને મોકલવાની થાય છે, આ અંગે શૈક્ષણિક વર્ષ ૨૦૦૭-૨૦૦૮ના હિસાબો ઓડિટ કરીને યુનિ.ને હવે પછી તા.૩૧-૭-૨૦૦૮ સુધીમાં અચુક મોકલી આપવાનું રાખવા વિનંતી છે, અન્યથા વર્ષદીઠ રૂા.૫૦,૦૦૦/- દંડને પાત્ર બનશે. દંડ ભર્યા પછી જ હિસાબો અંગેની આગળની કાર્યવાહી કરવામાં આવશે.

૩૫. દરેક અનુસ્નાતક કેન્દ્રોના મુલ્યાંકન માટે મોનીટરીંગ કમીટીની રચના પણ કરવામાં આવશે, જેની જાણ હવે પછી કરવામાં આવશે, જે વિદિત થાય. જેમના હિસાબો હવે પછી બાકી રહેશે તેમનું અનુસ્નાતક કેન્દ્ર ભાગ-૧ થી બંધ કરવામાં આવશે. તેથી હિસાબોની બાબતે ખૂબ જ ગંભીરતા રાખવી.

૩૬. એમ.એ., એમ.કોમ. ભાગ-૧માં પ્રવેશ આપવા અંગેની મેરીટ ગણતરી કરતી વખતે ટી.વાય.ના એક્ષટર્નલ માર્કસની ગણતરી કરવી તથા એફ.વાય. તથા એસ.વાય.ના ક્રેડિટ માર્કસની પણ ગણતરી મેરીટમાં સમાવવી. એમ.એસસી. ભાગ-૧માં પ્રવેશ વખતે ટી.વાય. બી.એસસી.માં થીયરી તેમજ પ્રેક્ટીકલનાં એક્ષટર્નલ માર્કસને ગણતરીમાં લેવા. તેમજ એફ.વાય. તેમજ એસ.વાય.ના ક્રેડીટ માર્કસ પણ મેરીટમાં ગણતરીમાં લેવાનું રાખશો.

૩૭. અનુસ્નાતક કેન્દ્રોમાં વિદ્યાર્થી/વિદ્યાર્થીની રેગીંગ ન થાય તે જોવાની જવાબદારી જે તે સંસ્થાની રહેશે. જે વિદ્યાર્થી રેગીંગ કરતા પકડાશે તો તેનો પ્રવેશ રદ થશે. આ સૂચનાનો ચૂસ્ત પણે અમલ કરવો.

બહારની યુનિવર્સિટી માટે ૫% ક્વોટા અનામત રાખવો. તેમના પરિણામ આવ્યાં પછી જ્યારે તક અપાય ત્યાર બાદ જ જો જગ્યાઓ ખાલી રહે તો ગુજરાત યુનિવર્સિટીનાં વિદ્યાર્થીઓને મેરીટના આધારે તક આપવી.

ઉપરોકત સુચનાઓ સંબંધિત અનુસ્નાતક કેન્દ્રોના આચાર્યશ્રી/પ્રોફેસર ઈન્ચાર્જશ્રીએ અચુક પાલન કરવાનું રાખવું.

**એમ. એસ. શાહ**
કા. કુલસચિવ

પ્રતિ,

૧ અનુસ્નાતક કેન્દ્રોના આચાર્યશ્રી/પ્રોફેસર ઈન્ચાર્જશ્રી તરફ

૨ હિસાબનીશ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ તરફ